# આજે ઓબામા-મોદી વચ્ચે શિખર મંત્રણા

નવી દિલ્હી,તા. ૨૪

અમેરિકી પ્રમુખ બરાક ઓબામા ત્રણ દિવસની ઐતિહાસિક અને યાદગાર ભારત યાત્રાએ આવતીકાલે સવારે પહોંચી રહ્યા છે. તેમના શાનદાર સ્વાગત માટેની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. બરાક ઓબામા ત્યારબાદ ત્રણ દિવસ સુધી ખુબ વ્યસ્ત કાર્યક્રમ ધરાવે છે. નિર્ધારિત કાર્યક્રમ મુજબ સવારે ૧૦ વાગે પહોંચી ગયા બાદ આવતીકાલે જ હૈદરાબાદ હાઉસમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ઐતિહાસિક શિખર મંત્રણા કરનાર છે. જેના પર સમગ્ર વિશ્વની નજર કેન્દ્રિત થઇ ગઇછે. આ દ્વિપક્ષીય મંત્રણામાં આતંકવાદ, આંતરરાષ્ટ્રીય પરિસ્થિતી, વેપાર, દ્વિપક્ષીય સંબંધોને નવી ઉંચાઇ પર લઇ જવા માટે ચર્ચા કરાશે. આ ઉપરાંત જુદા જુદા ક્ષેત્રોમાં ૧૦થી વધુ કરાર કરવામાં આવે તેવી શક્યતા છે. ઓબામા સવારે આવી પહોંચ્યા બાદ રાષ્ટ્રપતિ ભવનમાં તેમના સ્વાગતમાં કાર્યક્રમ થશે. ત્યારબાદ રાજઘાટ પર જઇને રાષ્ટ્રપિતા મહાત્માં ગાંધીને અંજલિ આપશે. ત્યારબાદ ઓબામાના કાર્યક્રમની શરૂઆત થશે. જે પૈકી સૌથી પહેલા મોદી સાથે હૈદરાબાદ હાઉસમાં વાતચીત કરવામાં આવનાર છે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને ડિનર દરમિયાન મળશે. અમેરિકી પ્રમુખ બરાક ઓબામાની ભારત યાત્રાને વધુ યાદગાર બનાવવા માટે તમામ તૈયારી



કરી લેવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હવે ૨૭મી જાન્યુઆરીના દિવસે અમેરિકી નેતા સાથે સંયુક્ત રેડિયો સંબોધન યોજવાનો નિર્ણય પણ કર્યો છે.૨૭મી જાન્યુઆરીના દિવસે મન કી બાત ઓલ ઈન્ડિયા રેડિયો પર જુદી રીતે પ્રસારિત કરાશે. આમા પ્રમુખ બરાક ઓબામા તેમની સાથે રહેશે. ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોને નવી ઉંચાઇ ઉપર લઇ જવા માટે આ બાબત મહત્વપૂર્ણ છે. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં વોશિંગ્ટન ડિસીની તેમની યાત્રા દરમિયાન મોદી અને ઓબામાએ વોશિંગ્ટન પોસ્ટમાં સંયુક્તરીતે લેખ લખ્યા હતા. પ્રથમ વખત કોઇ ભારતીય નેતાએ સંયુક્ત એડિટોરિયલમાં ભાગ લીધો હતો. ઓબામા ૨૫મી જાન્યુઆરીના દિવસે પહોંચી રહ્યા છે. આજ દિવસે દ્વિપક્ષીય બેઠકો, પ્રતિનિધિમંડળ સ્તરની મંત્રણા, ત્યારબાદ રાષ્ટ્રપતિ ભવનમાં ડિનર સહિતના કાર્યક્રમો યોજાશે. ૨૬મી જાન્યુઆરીના દિવસે ઓબામા રાજપથ ખાતે બે કલાક સુધી કાર્યક્રમમાં ભાગ લેશે. પ્રજાસત્તાક દિવસે પરેડમાં ઓબામા મુખ્ય મહેમાન બની રહ્યા છે. ૨૭મી જાન્યુઆરીના દિવસે તેઓ સિરિફોર્ટ ઓડિટોરિયમમાં ભારત અને અમેરિકા અંગે એક ભાષણ આપનાર છે. ત્યારબાદ સ્વદેશ જવાના રવાના થશે. બંને દેશો વચ્ચેના સંબંધો નવી ઉંચાઈ ઉપર લઈ જવા અને યાત્રાને યાદગાર બનાવવાના પ્રયાસ થઈ રહ્યા છે.ઓબામાની યાત્રા દરમિયાન તમામ સાવચેતી રાખવામાં આવી રહી છે.

બરાક ઓબામાની સાથે પરમાણુ કરાર પર પણ હસ્તાક્ષર કરવામાં આવી શકે છે. ઓબામાની આ યાત્રાથી ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો નવી ઉંચાઇ પર જશે. જે વૈશ્વિક સ્તર પર ખુબ અસરકારક સાબિત થશે. પરમાણુ કરારના સંબંધમાં બુધવારે લંડનમાં ભારત અને અમેરિકા વચ્ચે પ્રતિનિધીસ્તરની વાતચીત થઇ હતી.

ભારતમાં અમેરિકાના રાજદુત રિચર્ડ વર્માએ પણ કરારને લઇને આશા વ્યક્ત કરી છે. વર્માના જણાવ્યા મુજબ જો આ કરાર થશે તો દેશને ૨૦૨૦ સુધી ૨૪ કલાક વિજળીની સુવિધા ઉપલબ્ધ થઇ શકે છે. મોદીએ લોકસભા ચૂંટણી પ્રચાર દરમિયાન ૨૪ કલાક વીજળી દેશમાં આપવાની વાત કરી હતી.

## બિહારમાં બ્લાસ્ટ કરનાર મહિલા ઉત્તરપ્રદેશની હતી

અરા, તા.૨૪

બિહારના અરા સિવિલ કોર્ટ પ્રાંગણમાં બ્લાસ્ટ કરનાર મહિલાની ઓળખ થઇ ગઇ છે. આ મહિલા ઉત્તરપ્રદેશની નિવાસી હોવાનું જાણવા મળ્યું છે. મહિલાનું મોત પણ આમા થયું હતું. આ ઉપરાંત ૨૬ વર્ષીય પોલીસ કોન્સ્ટેબલનું પણ આમા મોત થયું હતું. અન્ય ૧૬ લોકો ઘાયલ થયા હતા. કુમારે તાજેતરમાં લગ્ન કર્યા હતા. પોલીસ અધિકારી અપ્સર હુસૈને માહિતી આપતા કહ્યું છે કે, મહિલાની ઓળખ રીના ગૌર તરીકે થઇ છે જે ઉત્તરપ્રદેશમાં બલિયાની નિવાસી છે. બે કેદીઓ બ્લાસ્ટ બાદ ભાગી જવામાં સફળ રહ્યા હતા. બંનેની ઓળખ કરી લેવામાં આવી છે. આ બંને કેદી લંબુ શર્મા અને અખિલેશ ઉપાધ્યાય તરીકે ઓળખાયા છે. બંને ફરાર થવામાં સફળ થઇ ગયા છે. ગાડીમાં કુલ ૩૫ અન્ય કેદીઓ પણ હતા જેમને ફરી જેલમાં લઇ જવાયા હતા. એસપીએ માહિતી આપતા કહ્યું હતું કે, પર્સમાં ક્રૂડ બોંબ લઇને આ મહિલા આવી હતી. લંબુ શર્માને મદદ કરવાના હેતુસર બોંબ લઇને આ મહિલા આવી હતી. લંબુ શર્માને હાલમાં આજીવન કારાવાસની સજા ફટકારવામાં આવી હતી. લંબુ શર્મા ફરાર થઇ ગયો હતો.

## ઓબામાની આગરા મુલાકાત ચોક્કસ કારણોસર રદ

નવી દિલ્હી,તા. ૨૪

અમેરિકી પ્રમુખ બરાક ઓબામાની આગરા મુલાકાતને ચોક્કસકારણોસર રદ કરી દેવામાં આવી છે. ત્રણ દિવસની ઐતિહાસિક યાત્રામાં આગરાની મુલાકાત રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. મિશેલ ઓબામાની સાથે બરાક ઓબામા તાજમહેલને નિહાળવા ૨૭મી જાન્યુઆરીના દિવસે આગરા જનાર હતા. અહેવાલ મુજબ બરાક ઓબામાની આગરા મુલાકત પર નજર રાખનાર સિક્યુરિટી વડાને એવો પત્ર મળ્યો છે કે, પ્રવાસી હસ્તીના સલાહકારો તાજમહેલ નજીક ૧૫૦ મીટરના પટ્ટામાં રહેલી સુવિધાને લઇને અસંતુષ્ટ હતા. મુખ્ય બહારના ગેટ સુધી કોઇ પણ વાહનને જવાની મંજુરી આપવામાં આવતી ન હતી. ઓબામાની યાત્રા હવે ટુંકાવી દેવામાં આવી છે. ૨૭મી જાન્યુઆરી દિવસે પસંદગીના એકત્રિત લોકોને સંબોધન કર્યા બાદ ઓબામા નવી દિલ્હીથી સાઉદી અરેબિયા જવા રવાના થશે. દિલ્હીથી આગરા સુધીના સમગ્ર પટ્ટામાં હાઈએલર્ટની જાહેરાત કરવામાં આવી હતી. ત્રણ કલાક સુધી તાજગંજ વિસ્તારમાં મોબાઈલ ફોનના ઉપયોગ પર પ્રતિબંધ પણ મુકાયો હતો. મોલ રોડ અને ફતેહાબાદ રોડ ઉપર ઈલેક્ટ્રીક ઝામર મુકી દેવામાં આવ્યા હતા. ઓબામા આવતીકાલે નવી દિલ્હી પહોંચી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આમંત્રણ ઉપર તેઓ પહોંચી રહ્યા છે. પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ભાગ લેનાર તેઓ પ્રથમ અમેરિકી પ્રમુખ બની રહ્યા છે. અમેરિકી પ્રમુખ આજે એન્ડ્રુસ એરફોર્સ બેઝથી રવાના થઇ ગયા હતા. ઓબામા યાત્રાને લઇને ઉત્સુક છે. પાટનગરમાં ચોક્કસ સ્થળો ઉપર આવતીકાલે ૨૦૦૦૦ સુરક્ષા જવાનો તૈનાત રહેશે જ્યારે આગલા દિવસે ૪૦૦૦૦ જવાનો રહેશે. ૨૬મી જાન્યુઆરીએ ૪૫૦૦૦ જવાનો તૈનાત રહેશે.

અમેરિકાએ રાજપથ ઉપર નો ફલાય ઝોનની માંગણી કરી હતી અને હવે આ માંગણી પ્રાથમિકરીતે સ્વીકારી લેવામાં આવી છે. બરાક ઓબામા એસપીએલ સોફ્ટવેર સાથેનો બ્લેકબેરી ફોન ધરાવે છે. તેમના પર્સનલ ઇ-મેઇલ આઇડી ઉપર નજર રાખવામાં આવી રહી છે. બે બોઇંગ ૭૪૭-૨૦૦-બી જેટ પણ રહેશે. તેમની સાથે અતિઆધુનિક અનેક સ્તરીય સુરક્ષા જવાન રહેશે. તેમની ગાડીમાં પણ અનેક વિશેષતા રહેલી છે જે મિલિટ્રી ગ્રેડની બુલેટપ્રુફ મટિરિયલની ગાડી છે. આ ગાડી પર કોઇપણ પ્રકારના હુમલાની અસર થતી નથી. ઓબામાના બ્લડ ગ્રુપ સાથે બ્લડ બેંકની પણ વ્યવસ્થા રાખવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

## કાશ્મીરમાં આર્મી કેમ્પ પર હુમલા થઇ શકે : આઈબી

નવી દિલ્હી,તા. ૨૪

અમેરિકી પ્રમુખ બરાક ઓબામાની ભારત યાત્રા દરમિયાન કાશ્મીરમાં આર્મી કેમ્પ ઉપર લશ્કરે તોઈબાના ત્રાસવાદીઓ મોટા હુમલા કરી શકે છે. ઈન્ટેલીજન્સ બ્યુરો દ્વારા ચેતવણી આપવામાં આવ્યા બાદ સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા છે.

લશ્કરે તોઈબા અને પાકિસ્તાની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ બંને સાથે મળીને હુમલાના કાવતરા ઘડવામાં વ્યસ્ત છે. નવા અહેવાલ મુજબ તોઈબાના ટોપ ત્રાસવાદીઓ અને આઈએસઆઈના કર્નલ મસૂદ ખાન દ્વારા હુમલાની યોજના તૈયાર કરવામાં આવી છે. દરમિાયન લશ્કરે તોઈબા અને હિઝબુલ મુઝાહિદ્દીનના ચાર-પાંચ ત્રાસવાદી સંગઠનો ભારતીય પ્રદેશમાં ઘુસણખોરી કરવા આઈએસઆઈએસની મદદ લઈ રહ્યા છે. સુરક્ષા સંસ્થાઓને આતંકવાદીઓ વચ્ચે થયેલી વાતચીત હાથ લાગી છે. વાતચીત અંગે માહિતી મળ્યા બાદ આ સંદર્ભમાં વધુ પડતી સુરક્ષા રાખવામાં આવી રહી છે. તોઈબાના ત્રાસવાદીઓ ઓબામાની ભારત યાત્રાને નિષ્ફળ બનાવવાના પ્રયાસમાં છે. ભારતીય સુરક્ષા સંસ્થાઓ આવા કોઈપણ હુમલાને નિષ્ફળ બનાવવા માટે સજ્જ દેખાઈ રહ્યા છે. કાશ્મીરમાં આર્મી કેમ્પ ખાતે સુરક્ષા વધારવામાં આવી રહી છે.

## દિલ્હીમાં બેદી વધુ અસરકારક : અમિત શાહ

પટણા,તા. ૨૪

ભાજપ પ્રમુખ અમિત શાહે દિલ્હીના મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે કિરણ બેદીને પ્રોજેક્ટ કરવાનો બચાવ કર્યો હતો. સાથે સાથે વિધાનસભાની ચૂંટણી જીતવા કિરણ બેદીની મદદ લેવામાં આવી રહી છે તેવા અહેવાલોને રદિયો આપ્યો હતો. કિરણ બેદીના સંદર્ભમાં વાત કરતા અમિત શાહે કહ્યું હતું કે, ભાજપે પક્ષની અંદર સમાજના જુદા જુદા વર્ગના લોકોને તક આપી છે. જેમાં જાણિતી હસ્તીઓને પણ તક આપવામાં આવી છે. કિરણ બેદી પણ આવો જ એક દાખલો છે. કિરણ બેદી ભ્રષ્ટાચાર સામેના લીડરોને ભાજપ અંગે હળવું વલણ અપનાવવા અપીલ કરી રહ્યા છે તેવા અહેવાલ આધારવગરના હોવાનું અમિત શાહે કહ્યું હતું. શાહે કહ્યું હતું કે, ભારત આમ આદમી પાર્ટીની સામે નહીં બલ્કે ભ્રષ્ટાચારની સામે છે. કિરણ બેદીની પ્રશંસા કરતા તેમણે કહ્યું હતું કે, કિરણ બેદી એક ઉત્કૃષ્ટ પોલીસ અધિકારી તરીકે હતા. સમગ્ર લાઈફ દરમિયાન ભ્રષ્ટાચાર સામે લડાઈ લડી હતી. દિલ્હીમાં મહિલાઓને કિરણ બેદી ઉપર વધારે વિશ્વાસ છે. કારણ કે તેઓ તેમની સુરક્ષા માટે વધુ કામ કરી શકે છે. જમ્મુ કાશ્મીરમાં સરકારની રચનાના પ્રશ્ને તેમણે કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીરમાં ખુબ જ જટિલ જનમત મળ્યો છે. ભાજપની પીડીપી સાથે વાતચીત ચાલી



રહી છે પરંતુ સરકારની રચના ક્યારે થશે તે અંગે વાત કરવી મુશ્કેલ છે. રજનીકાંત સાથે સંપર્કમાં છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા શાહે હળવાશના મુડમાં કહ્યું હતું કે, સમગ્ર દેશ રજનીકાંતના સંપર્કમાં છે. દરેક વ્યક્તિને તેમની ફિલ્મો પસંદ પડે છે. તેમના કાર્યક્રમોમાં શત્રુઘ્ન સિંહાની ગેરહાજરી અંગે પૂછવામાં આવતા શાહે કહ્યું હતું કે, તેઓ ગઈકાલે તેમના કાર્યક્રમમાં હતા. અમિત શાહે અન્ય જુદા જુદા મુદ્દાઓ ઉપર પણ વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, બિહારમાં ચૂંટણી દરમિયાન મુખ્યમંત્રી પદના ઉમેદવાર અંગે નિર્ણય ભાજપ સંસદીય બોર્ડ કરશે.

ચૂંટણી વેળા કોઈ ચહેરાને રજૂ કરાશે કે કેમ તે અંગે હજુ કોઈ નિર્ણય કરાયો નથી. વિધાનસભાની ચૂંટણી આવશે ત્યારે જ આ મુદ્દે નિર્ણય લેવાશે. ભાજપ ચોક્કસપણે બિહારમાં સત્તા ઉપર આવશે. મિશન બિહારની શરૂઆત અમિત શાહ કરી ચુક્યા છે. તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાન મોદીનું સ્વપ્ન માત્ર બિહારના વિકાસનું જ નહીં બલ્કે દેશના પૂર્વીય રાજ્યોના વિકાસનું છે. શાહે કહ્યું હતું કે, નીતિશકુમાર અને લાલૂ યાદવે ભાજપનો સામનો કરવા હાથ મિલાવ્યા છે. જનતા પરિવારમાં ઉદયની શકયતા બિલકુલ આધારવગરની છે. આ બાબત બિલકુલ વિશ્વસનીય દેખાતી નથી. લોકો જનતા પરિવારને ફગાવી દેશે. લાલૂ અને નીતિશ હંમેશા કોંગ્રેસ સામે રહ્યા છે. નીતિશ લાલૂ સામે લડવા ૧૭ વર્ષ સુધી ભાજપ સાથે રહ્યા હતા.

## અગ્નિ-૫ મિસાઈલ પરેડમાં રજૂ નહી કરાય

નવી દિલ્હી,તા. ૨૪

પ્રજાસત્તાક દિવસના પ્રસંગે ભારતના અતિ આધુનિક રશિયન અને અમેરિકી વિમાન રજૂ કરવામાં આવશે પરંતુ દેશમાં વિકસિત કરવામાં આવેલી અગ્નિ બેલાસ્ટિક મિસાઈલો રજૂ કરવામાં આવશે નહી. લશ્કરી સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે વિદેશ મંત્રાલય દ્વારા આપવામાં આવેલી સલાહ પર અગ્નિ-૫ મિસાઈલને પરેડમાં નહી રજૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. મંત્રાલય ઈચ્છે છે કે પરેડ દરમિયાન અમેરિકી પ્રમુખ બરાક ઓબામા મુખ્ય રીતે હાજર રહેનાર છે. જેથી ૨૦૦થી પણ વધારે અમેરિકી પત્રકારો પણ હાજર રહેનાર છે. આવી સ્થિતીમાં ભારતની પરમાણુ મિસાઈલ ક્ષમતા અંગે રિપોર્ટ કરીને તેના ફોટો સમગ્ર વિશ્વમાં દર્શાવવામાં આવે તેમ મંત્રાલય ઈચ્છતુ નથી. અગ્નિ-૫ મિસાઈલ ક્ષમતા નહી દર્શાવવા પાછળ અનેક કારણો રહેલા છે. હથિયારો અંગે અહેવાલ પ્રકાશિત કરાયા હોત તો એવા અહેવાલ ફણ આવ્યા હોત કે ચીન સામે પોતાની તાકાત વિકસિત કરવા માટે ભારત આઈસીબીએમ તૈયાર કરવામાં વ્યસ્ત છે. ગયા વર્ષ સિવાય ભારતીય સેનાને તેના પ્રદર્શન માટે મંજૂરી મળતી રહી છે. ગયા વર્ષે જાપાનના વડાપ્રધાન સિન્જો અબે પ્રજાસત્તાક દિવસે મુખ્ય મહેમાન તરીકે રહ્યા હતા. જાપાન સૈનિક ક્ષમતા જાહેર કરવામાં આવે તેમ ક્યારેય ઈચ્છતુ નથી. જેથી જાપાનની સંવેદનશીલતાને ધ્યાનમાં લઈને અગ્નિ મિસાઈલો રજૂ નહી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જો શિન્જેની હાજરીમાં અગ્નિ મિસાઈલની ઝાંકી રજૂ કરાઈ હોત તો તેમને ખરાબ લાગ્યુ હોત. આ તમામ બાબતોને ધ્યાનમાં લઈને ભારત દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો હતો. જો કે આ વખતે પ્રજાસત્તાક દિવસે સુપરસોનિક મિસાઈલ રજૂ કરવામાં આવનાર છે.

## હૈદરાબાદમાં ભૂકંપનો હળવો આંચકો આવ્યો

હૈદરાબાદ, તા.૨૪

દક્ષિણી હૈદરાબાદમાં પણ આજે હળવો ભૂકંપનો આંચકો નોંધાયો હતો જેની તીવ્રતા રિક્ટર સ્કેલ ઉપર ૧.૮ આંકવામાં આવી હતી. નેશનલ ઝિયો ફિઝિકલ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, આ આંચકો આજે સવારે અનુભવાયો હતો જેની તીવ્રતા ખુબ જ નનહિવત જેવી હતી પરંતુ લોકોમાં દહેશત ફેલાઈ ગઈ હતી. શમસાબાદ અને રાજેન્દ્રનગર વિસ્તારમાં આંચકો આવ્યો હતો. આની તીવ્રતા ખુબ જ ઓછી હતી છતા લોકોને આનો અનુભવ થયો હતો.

આંચકો અનુભવ્યા બાદ લોકો ઘરમાંથી બહાર દોડી આવ્યા હતા અને આની ચર્ચા કરતા નજરે પડ્યા હતા. નુકસાનના કોઈ સમાચાર મળ્યા નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, અંદામાન દ્વિપમાં ગઈકાલે હળવો ભૂંકપનો આંચકો આવ્યો હતો. જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૫ આંકવામા આવી હોવાના અહેવાલ મળ્યા છે. આંચકો આવ્યા બાદ લોકોમાં દહેશત ફેલાઈ ગઈ હતી. ગઈકાલે સવારે છ વાગેની આસપાસ આંચકો આવ્યો હતો.

## ઓનલાઈન, મોબાઈલ વોટિંગ ઉપર પંચની સક્રિય વિચારણા

નોયડા,તા. ૨૪

દેશના મુખ્ય ચૂંટણી કમીશનર હરિશંકરે કહ્યું છે કે ચૂંટણી પંચ ઈન્ટરનેટ અને મોબાઈલ વોટિંગ પર વિચારણા કરી રહ્યું છે. આનાથી દેશના લાખો યુવા મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસો કરવામાંઆવનાર છે. પોતાના સ્માર્ટ ફોન અને ટેબલેટનો પ્રયોગ તેઓ કેમ ન કરી શકે તે માટે વિચારી રહેલા લોકોને પ્રભાવિત કરવાની હિલચાલ તરીકે આને જોવામાં આવે છે. નોયડામાં આયોજિત એક કાર્યક્રમમાં હરિશંકરે કહ્યું હતું કે ઈન્ટરનેટ અને મોબાઈલ વોટિંગ ચર્ચાના વિષય તરીકે છે. મોડેથી ટીવી ચેનલ સાથેની વાતચીતમાં તેમણે કહ્યું હતું કે દુનિયા ઝડપથી બદલાઈ રહી છે. આગામી થોડાક વર્ષોમાં સ્થિતી બિલકુલ બદલાઈ જશે. અમે આના માટે જરૂરી ઈન્ફ્રાસ્ટકચર અને ટેકનોલોજી પર ધ્યાન આપી રહ્યા છે. તેમણે કહ્યુ હતું કે જો યોજના શરૂ કરાશે તો તેમા સમય લાગી શકે છે કારણ કે ગ્રામીણ વિસ્તારોમાં ઈન્ટરનેટ નેટવર્ક મજબુત નથી. સુપ્રીમ કોર્ટે આ મહિનાની શરૂઆતમાં એનઆરઆઈ ભારતીયને ઈબેલેટ સિસ્ટમ અથવા તો પ્રોક્સી દ્વારા વોટિંગને મંજૂરી આપી હતી. આ સંબંધમાં સુપ્રીમ કોર્ટનો નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા ચૂંટણી પંચની ભલામણને સ્વીકાર કરવામાં આવ્યા બાદ આવ્યો હતો. સાથે સાથે તેમણે સુપ્રીમ કોર્ટના નોટાના વિકલ્પ અને દોષિત જાહેરકરાયેલા લોકોને ચૂંટણી લડવાની મંજૂરી નહી આપવાના સુપ્રીમ કોર્ટના નિર્ણયની પ્રસંસા કરી હતી. તેમણે તેમની ખાસ પ્રતિક્રિયા આપી હતી. જેથી હવે હિલચાલ શરૂ થઈ શકે છે.

## સમાચાર ઝલક

- ભુજની અદાણી સંચાલિત હોસ્પિટલના ડોક્ટર જ સ્વાઈન ફ્લુની ઝપટમાં.
- પાલનપુરમાં બાઈક સવાર ઉપર વૃક્ષની ડાળી પડતા ગંભીર ઈજાઓ.
- હિંમતનગરમાં દાયણ દ્વારા સુવાવડ કરાવતા શિશુનું મોત નિપજ્યું.
- અમદાવાદમાં સરસ્વતી પુજાના પરિપત્રથી શિક્ષણ સમિતિ વિવાદમાં.
- ડીસામાં ખોરાકી ઝેરની અસર થતાં ૨૫૦થી વધુ બિમાર પડયા.
- અમરેલીમાં આવકવેરાના દરોડાઓથી વેપારી આલમમાં ગભરાટ.
- સાઉદી રાજાના મૃત્યુના શોકમાં ભારતમાં એક દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરાયો.
- હૈદરાબાદમાં ૨૦૦ બાળમજુરો મુક્ત કરાયા.
- મુંબઈમાં બે કરોડની બેંકવાનની લુંટનો ભેદ ઉકેલાયો ૪ ની ધરપકડ કરાઈ.
- છત્તીસગઢમાં મોટા જથ્થામાં વિસ્ફોટો પકડાયા.
- ભોપાલના વલ્લભ પાર્કમાં સૌથી વધુ ઊંચાઈવાળો ત્રિરંગો લહેરાશે.
- ઈન્દોરમાં ભીષણ આગથી કરોડોનું નુકશાન.
- દેશમાં વસંત પંચમીની ધાર્મિક ઉમંગ-ઉલ્લાસથી ઉજવણી કરાઈ, શ્રધ્ધાળુઓએ ગંગા-યમુનામાં ડુબકી લગાવી.
- આજે વસંતપંચમી પણ વસંત ઋતુ ૨૬ દિવસ પછી ખીલશે.

## ઓબામાની યાત્રા પર ૧૦૦૦ કરોડનો ખર્ચ


નવી દિલ્હી,તા. ૩૪

અમેરિકી પ્રમુખ બરાક ઓબામા ભારતની ઐતિહાસિક યાત્રાએ આવતીકાલે દિલ્હી પહોંચી રહ્યા છે. તેમની આ યાત્રા તમામ રીતે મહત્વપૂર્ણ છે. ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો હવે નવી દિશામાં આગળ વધે તેવા સંકેત છે. કારણ કે કોઈ પણ અમેરિકી પ્રમુખે હજુ સુધી ભારતના પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ભાગ લીધો નથી. ઓબામા પ્રથમ અમેરિકી પ્રમુખ આ સિદ્ધી મેળવવા બનવા ઉત્સુક છે. વિશ્વસનીય સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે ઓબામાની ભારત યાત્રા પર અમેરિકા ૧૦૦૦ કરોડ રૂપિયાની જંગી રકમ ખર્ચ કરનાર છે. ભારત સરકાર પણ તેમની સુરક્ષાને લઈને બિલકુલ સાવધાન છે. સંરક્ષણ પ્રધાન મનોહર પારિકર પણ સાવધાન દેખાઈ રહ્યા છે.

## પી. ચિદંબરમના દીકરાની ‘મોદીભકિત’થી કોંગ્રેસ લાલપીળી

નવી દિલ્હી, તા.૨૪

કોંગ્રેસના ટોચના નેતા જનાર્દન દ્વિવેદી દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વખાણ કરવાથી કોંગ્રેસમાં ઉભી થયેલી ધમાલ હજી શાંત નથી થઈ ત્યાં ભૂતપૂર્વ વડાપ્રધાન પી. ચિદંબરમના દીકરા કાર્તિ ચિદંબરમે મોદીની વાહ વાહ કરી છે. કાર્તિના આવા વલણથી કોંગ્રેસ લાલપીળી થઈ છે અને તેણે



કાર્તિ સામે અનુશાસનાત્મક કાર્યવાહી કરવાની વાત કરી છે.

હકીકતમાં કાર્તિએ મોદી વિશે નિવેદન આપતા કહ્યું હતું કે, ‘હું ભલે મોદીને પસંદ નથી કરતો પણ મોદી આખા પક્ષને સાથે લઈને ચાલ્યા અને જનતાએ તેમના પર વિશ્વાસ દર્શાવ્યો. હાલમાં તામિલનાડુમાં કોંગ્રેસની જે હાલત છે એનાથી પક્ષને પાંચ હજાર વોટ પણ નહીં મળે.’

કાર્તિના આ નિવેદન પછી ગઈ કાલે મોડી રાત્રે કોંગ્રેસે તેને નોટિસ આપી હતી. પાર્ટીએ આ માટે કાર્તિ પાસે જવાબ માંગ્યો છે અને જો તે ૩૦મી જાન્યુઆરી સુધી જવાબ નહીં આપે તો તેના પર અનુશાસનાત્મક કાર્યવાહી થઈ શકે છે.

## પાકિસ્તાનની સરહદ ઉપર ૩૦ ત્રાસવાદી કેમ્પ સક્રિય

નવી દિલ્હી,તા. ૨૪

અમેરિકી પ્રમુખ બરાક ઓબામા આવતીકાલે ભારતની ઐતિહાસિક યાત્રા પર પહોંચી રહ્યા છે ત્યારે બારત ત્રાસવાદનો મુદ્દો જોરદાર રીતે ઉઠાવવા માટે તૈયાર છે. ગુપ્તચર માહિતી મુજબ પાકિસ્તાન સરકારની ઉદાસીનતાના કારણે સરહદ પર ત્રાસવાદી અડ્ડા ચાલી રહ્યા છે. અને પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવી રહેલા યુદ્ધવિરામના સતત ભંગ વચ્ચે ત્રાસવાદીઓ ભારતમાં ઘુસણખોરી કરી શકે છે. પાકિસ્તાની સરહદ પર હાલમાં ૨૫થી ૩૦ ત્રાસવાદી અડ્ડા પણ ચાલી રહ્યા છે. આ ત્રાસવાદી અડ્ડામાં તમામ પ્રકારીન ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. આ ત્રાસવાદીઓ પરિસ્થિતીનો લાભ ઉઠાવીને કોઇ પણ સમય ઘુસણખોરી કરવાની તૈયારીમાં છે.અંદાજ મુજબ ૩૦૦થી વધુ ત્રાસવાદી ઘુસણખોરી કરવા માટે તૈયાર છે. પાકિસ્તાની સેનાનો ત્રાસવાદીઓને ખુલ્લો ટેકો છે. પાકિસ્તાન દ્વારા વારંવાર કરવામાં આવી રહેલા ગોળીબાર પાછળ તેનો ખતરનાક ઇરાદો હોઇ શકે છે. પાકિસ્તાનની સરહદ પર૨૫-૩૦ ત્રાસવાદી અડ્ડા હાલમાં ચાલી રહ્યા છે. પાકિસ્તાની સેનાની ચોકીઓમાં ત્રાસવાદીઓ છુપાયેલા છે. વર્ષ ૧૯૭૧ બાદ પાકિસ્તાન તરફથી યુદ્ધવિરામ ભંગના સૌથી ગંભીર મામલા બની રહ્યા છે. છેલ્લા ૪૫ દિવસની અંદર પાકિસ્તાની સેનાએ સતત ભારે ગોળીબાર કર્યો છે. ભારતને હવે ઓછામાં ઓચા ૩૦ ત્રાસવાદી અડ્ડા અંગે પણ માહિતી મળી છે.વર્ષ ૨૦૧૪માં પાકિસ્તાને ૫૫૦ વખત યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો. જે દર્શાવે છે કે પાકિસ્તાન જવાનો ત્રાસવાદીઓને ઘુસડવા માટે કેટલા હદ સુધી મદદરૂપ થઇ રહ્યા છે. વડાપ્રધાન મોદી ઓબામા સાથેની વાતચીતમાં આ મામલો ઉઠાવે તેવી શક્યતા દેખાઇ રહી છે.